Divyabhaskar (Citybhaskar)

April 22, 2018
Pg.2

EDII

# EDIIમાં મલેશિયન મેન્ટર્સ માટે તાલીમ પ્રોગ્રામનું આયોજન થયું

## ત્રણ વીકના ટ્રેનિંગ પ્રોગ્રામની પ્રથમ બેચમાં 20 મેન્ટર્સને તાલીમ આપવામાં આવી હતી



**Training Programme**

સિટી રિપોર્ટર | અમદાવાદ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા મલેશિયાના 100 મલેશિયન સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એસએમઈ) ઉદ્યોગ સાથે સંકળાયલા મેન્ટર્સને ક્લાસરૂમ ટ્રેનિંગ, સિમ્યુલેશન એક્સરસાઈઝ અને ફિલ્ડ એક્સપોઝર મારફતે તાલીમ આપવામાં આવી હતી. મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ તથા ભારત સરકારની સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ત્રણ વીકના ટ્રેનિંગ પ્રોગ્રામની પ્રથમ બેચમાં 20 મેન્ટર્સે તાલીમ મેળવી હતી. ત્રણ વીકના પ્રોગ્રામનો સમાપન સમારોહ ગઈકાલે ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે યોજાયો હતો. જેમાં ભારત ખાતેના મલેશિયાના હાઈ કમિશનર હિદાયત અબ્દુલ હમીદ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઈડીઆઈઆઈ ફેકલ્ટી પાસેથી ગુજરાતના આંત્રપ્રિન્યોશિપ માટેની ઈકો સિસ્ટમ મલેશિયામાં તેઓ કઈ રીતે ડેવલપ કરી શકાય તેના વિશે જાણ્યું હતું.